## ઇશુના જન્મદિને જુદા જુદા ચર્ચમાં માસ પ્રેયર





■ નાતાલ એ પ્રભુ ઇસુ ખ્રિસ્તની જન્મ જયંતિ છે અને એ વિશ્વભરમાં 25 ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવે છે. જો કે, ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ એવુ માને છે કે આજના દિવસે જ તેમનો જન્મ થયો હતો. જેથી આજે ઇશુના અનુયાયીઓએ એકબીજાના નાતાલની શુભેચ્છા પાઠવી 'મેરી ક્રિસમસ' કહ્યું હતું તો સુરતના જુદા જુદા ચર્ચમાં માસ પ્રેયરનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : હેમંત ડેરે)

## ડિજિટલ એરેસ્ટ કેસમાં રૂપિયા પડાવનાર આરોપીનાં જામીન મંજૂર

સુરતઃ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના નામે રૂપિયા ૨૩.૩૦ લાખ પડાવી લેનાર રાજકોટના આરોપી મોઈન અલ્તાફભાઈ ઈંગારીયા વિરુદ્ધ સુરત ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાઈ હતી. આરોપીએ ફરિયાદીને મુંબઈ એરપોર્ટ પર કસ્ટમ વિભાગ દ્વારા જપ્ત કરાયેલા પાર્સલમાંથી ડ્રગ્સ મળી આવ્યું હોવાનું જણાવી બનાવટી ઓળખપત્ર મોકલી તથા FIR NO. અને IPC ની કલમ વાળી બનાવટી નોટીસ આપી મોટો ક્રાઈમ ક્યોં હોવાની ધમકી આપી ડિઝીટલ એરેસ્ટ કરી રૂપિયા ટ્રાન્સફર કરાવી પડાવી લીધા હતા.

સુરતના આ કેસમાં આરોપી મોઈન અલ્તાફભાઈ ઈંગારીયાએ જામીન ઉપર મુક્ત થવા માટે વકીલ ઝફર બેલાવાલા મારફતે કોર્ટમા જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજીની દલીલો ધ્યાને લઈ કોર્ટે આરોપી મોઈન ઈંગારીયાને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો હતો.

# 'અહીં ફરી દેખાયો તો પતાવી દઈશું'

**મોટા** વરાછામાં સમાધાનના બહાને BBAના વિદ્યાર્થી પર ટોળાનો જીવલેણ હુમલો

**ઉત્રાણ** પોલીસે આરોપીઓને ઘટના સ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કરી કાયદાનો પાઠ ભણાવ્યો

સુરતઃમોટા વરાછા વિસ્તારમાં કોલેજીયન વિદ્યાર્થી સાથેની જૂની અદાવતે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. સમાધાન માટે બોલાવીને 15થી વધુ યુવકોના ટોળાએ BBAના વિદ્યાર્થી પર જાહેર રોડ પર લાકડી, દંડા અને ક્રિકેટ સ્ટમ્પથી નિર્દય હુમલો કર્યો હતો. ઘટનાનો વીડિયો વાયરલ થતા પોલીસે ગણતરીના કલાકોમાં 11 આરોપીઓને ઝડપી લઈ સ્થળ પર લઈ જઈ કાયદાનું ભાન કરાવ્યું હતું.

BBAનો વિદ્યાર્થી પ્રીત પ્રદીપભાઈ ઘોઘારીને આશરે 15 દિવસ પહેલાં રાહુલ ગોસ્વામી નામના યુવક સાથે માથાકૂટ થઈ હતી. આ નાની બોલાચાલીનો ખાર રાખીને રાહુલ ગોસ્વામી પ્રીતને મારવા માટે ફરી રહ્યો હતો અને તેને ફોન પર ધમકીઓ પણ આપતો હતો.આ દરમિયાન સમાધાન કરવાની વાત કહીને પ્રીતને પ્લેટિનિયમ પોઈન્ટ ખાતે બોલાવવામાં આવ્યો હતો. તે ત્યાં પહોંચતા જ રાહુલ ગોસ્વામી સહિત 15થી વધુ યુવકોનું ટોળું તેના પર તૂટી પડ્યું હતું. હુમલાખોરોએ લાકડીઓ, દંડા અને ક્રિકેટના સ્ટમ્પથી તેને માર મારવામાં આવ્યો હતો. તે જમીન પર પડી જતાં 8થી વધુ યુવકોએ તેને ઘેરી લઈને લાતો મારી હતી. પ્રીતને બચાવવા માટે વચ્ચે પડેલા તેના ત્રણ મિત્રોને પણ ટોળાએ બેરહેમીથી માર માર્યો હતો. આ હુમલામાં પ્રીતને હાથ અને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે ખસેડવો પડ્યો હતો. રાત્રે જાહેર રોડ પર થયેલી આ મારામારી ત્યાં હાજર લોકોના મોબાઈલમાં કેદ થઈ ગઈ હતી. 15થી વધુ યુવકોના આતંકથી વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, સ્થાનિક લોકો મોટી સંખ્યામાં એકત્ર થતાં હુમલાખોરો ત્યાંથી ભાગી છૂટ્યા હતા.આ ઘટનાને લઈ પ્રીતે ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં 8 નામજોગ સહિત 15થી વધુ યુવકો સામે ફરિયાદ નોંધાવી હતી. હુમલા બાદ ભાગતા સમયે આરોપી રાહુલ ગોસ્વામીએ ધમકી આપી હતી કે, "આજે તો તું બચી ગયો છે, પણ ફરી રોડ પર દેખાયો તો જાનથી પતાવી દઈશું."શહેરમાં શાંતિ ભંગ કરનારા તત્વોને ચેતવણી આપતા ઉત્રાણ પોલીસે સરાહનીય કાર્યવાહી કરી હતી. ગણતરીના કલાકોમાં 11 આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. એટલું જ નહીં, પોલીસે તમામ આરોપીઓને તે જ ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કરાવી જાહેરમાં કાયદાનું ભાન કરાવ્યું હતું, જેથી અસામાજિક તત્વોમાં સ્પષ્ટ સંદેશ પહોંચે.

### ધરપકડ કરાયેલા આરોપીઓ

રાહુલ વૈકુંઠપરી ગોસ્વામી ( રહે. હરિનંદન સોસાયટી, રિલાયન્સ મોલ નજીક, વરાછા ) કૌશિક ઉર્ફે શૈલેષ વિરાભાઈ કરમટીયા ( રહે. રામેશ્વર કોમ્પ્લેક્ષ, ગાયત્રી રોડ, કાપોદ્રા ),સાહિલ ભરતગીરી ગોસ્વામી, ( રહે. જનતાનગર એપાર્ટમેન્ટ, વિંગ-02, ગાયત્રીનગર રોડ, કાપોદ્રા ), લાલજી ઉર્ફે લાલો ગોરધનભાઈ મકવાણા ( રહે. જનતાનગર એપાર્ટમેન્ટ, વિંગ-02, ગાયત્રીનગર રોડ, કાપોદ્રા, મહેન્દ્ર ઉર્ફે ભોલો સોમગીરી ગોસ્વામી ( રહે. જનતાનગર એપાર્ટમેન્ટ, વિંગ-02, ગાયત્રીનગર રોડ, કાપોદ્રા ), ધવલ હરેશભાઈ બારૈયા,( રહે. કુબેરનગર સોસાયટી, ઘનશ્યામનગર નજીક, વરાછા ),સાગર અરવિંદભાઈ બારૈયા, ( રહે. જનતાનગર એપાર્ટમેન્ટ, વિંગ-02, ગાયત્રીનગર રોડ, કાપોદ્રા, સુનિલ સંજયભાઈ મકવાણા, ( રહે. જનતાનગર એપાર્ટમેન્ટ, વિંગ-02, ગાયત્રીનગર રોડ ), કાપોદ્રા, અર્જુન ઉર્ફે મનકો મનજીભાઈ વાળા ( રહે. સંત કૃપા સોસાયટી, છાપરાભાઠા ત્રણ રસ્તા, અમરોલી ), નિરવ હિંમતભાઈ ડાભી, ( રહે. સરિતા સાગર સોસાયટી, છાપરાભાઠા રોડ, અમરોલી ), જયેશ નટુભાઈ પટેલીયા, ( રહે. રાધે રેસિડન્સી, છાપરાભાઠા રોડ, અમરોલી )

## ઉગતમાં તાવ અને શરદીમાં ત્રણ મહિનાના બાળકનું મોત

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની અને રંગારાનું કામ કરતાં રામલાલ સહાની હાલ ભેંસાણ રોડ ઉગત ઝૂંપડપટ્ટીમાં રહે છે. તેમના 3 મહિનાના પુત્ર ક્રિશને ત્રણેક દિવસથી તાવ અને શરદી થઈ રહી હતી. જેથી તેઓ ઘર પાસેના ખાનગી દવાખાનામાંથી દવા લઈને આવ્યા હતા. દરમિયાન આજે સવારે 8 વાગ્યાના અરસામાં ક્રિશની તબિયત લથડતાં પરિવારજનો તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## ભટારમાં કામ નહીં મળતા આધેડે ફાંસો ખાધો

સુરતઃ ભટારમાં કામ નહીં મળતા આધેડે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની મારુતિ મોરૂ ધાગ (55 વર્ષ) હાલ ભટાર ઈન્દિરાનગરમાં રહેતા હતાં. તેઓ બેકાર હતા અને દારૂની લત પણ ધરાવતા હતા. છેલ્લાં કેટલાક સમયથી તેને કામ મળતું ન હતું. જેથી કંટાળીને તેએ બુધવારે બપોરે ઘરમાં લોખંડની એન્ગલ સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

# માપણીથી નોંધ સુધીના 'દર' નક્કી, સિટી સરવે કચેરીમાં ભ્રષ્ટાચાર બેફામ

**નોંધ** પેન્ડિંગ રાખી ઉઘરાણી, વાંધા અરજીના નામે કેસ 'સેટિંગ'

**સિટી સરવે** સુપરિન્ટેન્ડન્ટ 5થી 10 લાખ સુધી માપણીનો ભાવ આપો પછી જ કામ આગળ વધતું હોવાની ચર્ચા

સુરતઃ શહેરમાં ઉધના મામલતદાર કચેરી અને ફાયર વિભાગમાં પણ એસીબીના દરોડા બાદ સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. સુરતના સરકારી કચેરીઓમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર પર ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. ખાસ કરીને લાંબા સમયથી ભ્રષ્ટ અને અતિજટીલ ગણાતી સિટી સર્વે કચેરીને લઈને નાગરિકોમાં રોષ અને ચર્ચાઓ તેજ બની છે.

શહેરમાં સિટી સર્વે સુપરિટેન્ડન્ટ 5 થી 10 લાખ સુધીના વિભાગોમાં જમીન માપણી માટે લાખો રૂપિયાનો ભાવ ચાલતો હોવાની ચર્ચા ખુલ્લેઆમ થાય છે. નિયમિત પ્રક્રિયા મુજબ નિઃશુલ્ક કે નિર્ધારિત ફીથી થવી જોઈએ તેવી કામગીરી માટે અરજદારો પાસેથી ગેરકાયદે રકમ વસૂલાત થતી હોવાનો આક્ષેપ છે. ચર્ચા મુજબ સિટી સર્વે કચેરીમાં ભ્રષ્ટાચાર સૌથી વધુ બેફામ છે. અહીં કોઈ પણ પ્રકારની નોંધ પડાવવી હોય વેચાણ નોંધ, કલેક્ટરના હુકમોની નોંધ, સ્ટેમ્પ ડ્યૂટી સંબંધિત નોંધ તો લાંચ આપ્યા વગર કામ થતું નથી. પરિણામે ઢગલાબંધ નોંધોની એન્ટ્રીઓ જાણબૂઝીને પેન્ડિંગ રાખવામાં આવી હોવાનું કહેવામાં આવે છે. સિટી સર્વે કચેરીમાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ પહોંચ્યો હોવા છતાં આજદિન સુધી કોઈ ગંભીર તપાસ કે કડક કાર્યવાહી થતી નથી, તે પણ અનેક પ્રશ્નો ઊભા કરે છે.

ACB ટ્રેપ બાદ પણ સિટી સર્વે કચેરી સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાની લાગણી નાગરિકોમાં વ્યાપી છે. ઉધનામાં અને ફાયર વિભાગમાં થયેલા ACB ટ્રેપ બાદ હવે નાગરિકો અને સામાજિક કાર્યકરોની માંગ છે કે સિટી સર્વે કચેરીમાં પણ વ્યાપક તપાસ કરવામાં આવે, પેન્ડિંગ નોંધોની ઓડિટ થાય અને ભ્રષ્ટાચાર કરનારા અધિકારીઓ-કર્મચારીઓ સામે કડક પગલાં લેવાય. નહિંતર 'ડિજિટલ ઈન્ડિયા'અને 'પારદર્શક પ્રશાસન' માત્ર નારા પૂરતા જ રહી જશે.

### 'વાંધા અરજી'નો નવો ખેલ: બાબુઓનું સેટિંગ તંત્ર

આ કચેરીમાં બાબુઓએ એક નવો ખેલ ગોઠવ્યો હોવાની ગંભીર ચર્ચા છે. અરજદાર પાસેથી અરજી લીધા બાદ સામેની પાર્ટીનો સંપર્ક કરવામાં આવે છે અને તેમને વાંધા અરજી કરવા માટે ઉશ્કેરવામાં આવે છે. ત્યારબાદ અરજદાર અને સામે વાળાને બોલાવી 'સમાધાન'ના નામે કેસ સેટ કરવાની પ્રક્રિયા હાથ ધરાય છે, જેમાં બંને પક્ષ પાસેથી લાંચ ઉઘરાવવામાં આવે છે.

### લેન્ડ ગ્રેબિંગ કેસમાં પણ ઉઘરાણીના ખેલની ચર્ચા

આક્ષેપ મુજબ લેન્ડ ગ્રેબીંગના કેસોમાં પ્રાંત અધિકારીનો સ્પષ્ટ હુકમ હોવા છતાં સામેવાળાને બોલાવવામાં આવે છે. ગુનો નોંધવો કે નહીં તેના બદલામાં તેની મિલકતના ચોરસ મીટરનો ભાવ પૂછવામાં આવે છે અને તેના 40થી 50 ટકા જેટલી રકમ લાંચ તરીકે નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ સોદાબાજી કરીને તોડ પાડવામાં આવે છે.

## તાપીમાં કૂદતા યુવકને પોલીસે સમજાવી બચાવી લીધો

સુરતઃ અડાજણ પોલીસ સ્ટેશન ખાતે ફરજ પર હાજર અમલદાર ઇલમાનને એક વ્યક્તિએ ફોન કરી માહિતી આપી હતી કે સરદાર બ્રિજ ઉપર એક ઇસમ આત્મહત્યા કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. તાત્કાલિક અડાજણ પોલીસ સ્ટેશનની ટીમ સરદાર બ્રિજ પર પહોંચી હતી. ત્યાં ઇસમ બ્રિજની રેલિંગ પાસે ઊભો રહી નીચે ઝંપલાવાની તૈયારીમાં હોવાનું જણાયું હતું. પોલીસે તરત જ તેની સાથે વાતચીત શરૂ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે ઇસમ આર્થિક સંકટ, પારિવારિક તણાવ અને માનસિક દબાણના કારણે આ પગલું ભરવા મજબૂર થયો હતો. જેથી પોલીસે તેને સમજાવ્યો હતો. લાંબી ચર્ચા બાદ ઇસમ માન્યો હતો અને આત્મહત્યાનો વિચાર છોડ્યો હતો.

# લાંચિયા ઈશ્વર પટેલની બીજી ફાઈલોની તપાસ થશે

**છેલ્લા** છ મહિનાની ફાયર એનઓસી અને રિન્યુ અરજી અંગેની ફાઈલોની ફાયર વિભાગ સમીક્ષા કરશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાનાં ફાયર વિભાગમાં ફરજ બજાવતાં ઈન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઈશ્વર પટેલ હોટલનાં ફાયર સેફ્ટીના સર્ટિફિકેટ માટે એક લાખ રૂપિયાની લાંચ લેતાં રંગેહાથ ઝડપાતા સમગ્ર ફાયર વિભાગમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

એલસીબી પોલીસ દ્વારા ઈશ્વર પટેલની ધરપકડ બાદ હાલમાં રિમાન્ડ માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે ત્યારે બીજી તરફ ફાયર વિભાગ પણ હવે ઈશ્વર પટેલ દ્વારા છેલ્લા છ મહિનામાં કયા-કયા એકમો અને સંસ્થાને ફાયર સેફ્ટીનું સર્ટિફિકેટ આપ્યું છે તે અંગેની તપાસ હાથ ધરશે.

ઈશ્વર પટેલ દ્વારા ફાયર સેફ્ટી અંગે લાંચના આધારે લાલિયાવાડી કરવામાં આવી છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવે તો નવા ફણગાં ફૂટી શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ફાયર વિભાગ દ્વારા પણ ઈશ્વર પટેલની કામગીરીની સમીક્ષા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ઈન્ચાર્જ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર તરીકેનાં કાર્યકાળ દરમિયાન ઈશ્વર પટેલ દ્વારા છેલ્લા છ મહિનામાં ફાયર વિભાગની કેટલી એનઓસી આપવામાં આવી છે તે દિશામાં ફાયર વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે.

## ડભોલીમાં માતાના મૃત્યુ બાદ વિરહમાં આધેડે તાપીમાં પડતું મૂક્યું

સુરતઃ ડભોલીમાં માતાના અવસાન બાદ વિરહમાં આધેડે તાપી નદીમાં પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી મુજબ, મૂળ અમરેલીના ખાંભા તાલુકાના વતની પ્રવીણ નાનજી સોંડાગર (ઉં.વ.50) હાલ ડભોલી રોડ પર આવેલા યમુનાપાર્ક સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. પ્રવીણ રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. ગુરુવારે સવારે પ્રવીણ ઘરે કોઈને પણ કહ્યા વગર નીકળી ગયા હતા. દરમિયાન ડભોલી બ્રિજ પરથી તાપી નદીમાં પડતું મુક્યું હતું. સ્થાનિકોને બનાવની જાણ થતાં તેના મૃતદેહને બહાર કાઢીને પોલીને જાણ કરી હતી. માતાના અવસાન બાદ પ્રવીણ વિરહમાં રહેતો હતો, જેથી તેએ આ પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

### ત્રણ વર્ષથી ફરાર ૧૨૬ કરોડની ઠગાઇનો આરોપી ઝડપાયો

# મહાઠગ પત્ની સાથે ઓનલાઇન સાડીનો વેપાર કરતો હતો

**ગુજરાતી,** મરાઠી અને પંજાબી ફિલ્મોનું નિર્માણ કરતી શુકુલ શોબિઝ કંપનીમાં લોકો પાસે રોકાણ કરાવ્યું હતું

સુરતઃ શુકુલ ગ્રુપ, શુકુલ શોબિઝ, શુકુલ વેલ્થ એડવાઈઝરી, શુકુલ ઈન્ફ્રા, શુકુલ ફાર્મા અને મની ફાઉન્ડર સહિત ૨૬ કંપનીઓના નામે હજારો રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપી ૧૨૬ કરોડથી વધુની છેતરપિંડી કરનાર અને છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી ધનંજય ઉર્ફે ધનો ભીખુભાઈ બારડને સુરત શહેર ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો છે.

ઈચ્છાપોર વિસ્તારમાં આગમન રેસિડેન્સી પાસેથી ૧૨૬ કરોડથી વધુની છેતરપિંડીના ગુનામાં વોન્ટેડ આરોપી ધનંજય બારડને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે શુકુલ ગ્રુપ ઓફ કંપનીઝની શુકુલ વેલ્થ એડવાઈઝરી અને શુકુલ વેલ્થક્રિએટર એલએલપીના અધ્યક્ષ (પ્રોપ્રાયટર) પ્રદીપ શુક્લા ઉર્ફે મુન્ના શુકુલ, દેવેશ સુરેન્દ્ર તિવારી, ધનંજય ભીખુભાઈ બારડ, સંદીપકુમાર મનુભાઈ પટેલ સહિત માર્કેટિંગ સંભાળતા અન્ય આરોપીઓએ ભેગા મળી રોકાણકારોને ૪ ટકા નફાની લાલચ આપી હતી. તેમણે આ કેસના ફરીયાદી પાસેથી રૂ. ૩.૩૦ લાખ અને અન્ય અનેક લોકો પાસેથી કુલ રૂ.૧૨૬ કરોડથી વધુનું રોકાણ કરાવી દીધું હતું પરંતુ ન તો નફો આપ્યો કે ન તો મૂડી પરત કરી હતી. બાદમાં ઓફિસ બંધ કરી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ કેસના મુખ્ય આરોપી પ્રદીપ શુક્લા સહિત છ આરોપીઓની અગાઉથી ધરપકડ થઈ ચૂકી છે. ધનંજય બારડ મુખ્ય આરોપી સાથે ભાગીદાર તરીકે શુકુલ વેલ્થ એડવાઈઝરી અને શુકુલ શોબિઝમાં સંકળાયેલો હતો. શુકુલ શોબિઝ ગુજરાતી સાથે મરાઠી અને પંજાબી ફિલ્મોના નિર્માણમાં પણ સંકળાયેલી હતી અને સમગ્ર મેનેજમેન્ટ ધનંજય સંભાળતો હતો. પોલીસ મુજબ આરોપીઓએ સરકારમાં નોંધણી વગર ૨૬ કંપનીઓ ઊભી કરી ભ્રામક જાહેરાતો દ્વારા કરોડોનું રોકાણ કરાવ્યું હતું, જેને લઈને સેબી (SEBI)માં પણ કેસ નોંધાયો છે. છેલ્લા ત્રણ વર્ષથી ગીરસોમનાથ અને સુરતના અલગ અલગ વિસ્તારોમાં છુપાતો ફરતો આરોપી તાજેતરમાં પત્ની સાથે મળી ઓનલાઈન કપડાં, સાડી અને ડ્રેસના વેપારમાં લાગ્યો હતો.

# કિમ્બર્લી પ્રોસેસ સર્ટિ. સ્કીમનું અધ્યક્ષ પદ ભારતને મળશે

**બ્લડ** ડાયમંડ કે કોન્ફ્લિક્ટ ડાયમંડને કાયદેસર સપ્લાય ચેઇનમાં પ્રવેશતા અટકાવવાની જવાબદારી ભારતને ફાળે આવી, GJEPC નો આવકાર

સુરતઃ કિમ્બર્લી પ્રોસેસ સર્ટિફિકેશન સ્કીમનું અધ્યક્ષ પદ વર્ષો પછી ભારતને મળશે. બ્લડ ડાયમંડ કે કોન્ફલિક્ટ ડાયમંડને કાયદેસર સપ્લાય ચેઈનમાં પ્રવેશતા અટકાવવાની જવાબદારી ભારતને ફાળે આવી છે. ભારતમાં કિમ્બર્લી પ્રોસેસ માટે નોડલ એજન્સી, જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) એ વર્ષ 2026 માટે કિમ્બર્લી પ્રોસેસ સર્ટિફિકેશન સ્કીમ (KPCS) ના અધ્યક્ષ તરીકે ભારતની પસંદગીનું સ્વાગત કર્યું છે.

કિમ્બર્લી પ્રોસેસના સ્થાપક સહભાગી તરીકે, ભારતે તેની શરૂઆતથી જ રચનાત્મક અને સક્રિય ભૂમિકા ભજવી છે. 2026 માં અધ્યક્ષ પદ સંભાળવું એ ભારતની ત્રીજી વખત હશે, જે જવાબદાર, પારદર્શક અને નૈતિક હીરા વેપાર પ્રત્યે ભારતની સતત પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

ભારત ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી કિમ્બર્લી પ્રોસેસના અધ્યક્ષની ભૂમિકા સંભાળશે. ૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ શરૂ થયેલી લેખિત પ્રક્રિયા દ્વારા આ નિર્ણય સર્વાનુમતે અપનાવવામાં આવ્યો હતો. કિમ્બર્લી પ્રોસેસ ૯૦ સહભાગીની એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જે ૮૦ દેશોનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં યુરોપિયન યુનિયન (EU) સહભાગી છે. ૨૦૨૫ માટે ઉપાધ્યક્ષ તરીકે ભારતની પસંદગી (૨૫ ડિસેમ્બર, ૨૦૨૫થી અમલમાં) અને ૨૦૨૬ માટે અધ્યક્ષ તરીકે ભારતની પસંદગી કિમ્બર્લી પ્રોસેસ માળખામાં ભારતના નેતૃત્વમાં વૈશ્વિક સમુદાયના મજબૂત વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

આ વિકાસ પર પ્રતિક્રિયા આપતા, GJEPC ના અધ્યક્ષ કિરીટ ભણસાલીએ કહ્યું, GJEPC ૨૦૨૬ માટે કિમ્બર્લી પ્રોસેસના અધ્યક્ષ તરીકે ભારતની પસંદગીનું સ્વાગત કરે છે. ભારતની પસંદગી કિમ્બર્લી પ્રોસેસના અસરકારક શાસન દ્વારા વૈશ્વિક હીરા વેપારને મજબૂત બનાવવા માટે ભારત સરકારના સૈદ્ધાંતિક અને સમાવિષ્ટ અભિગમમાં આંતરરાષ્ટ્રીય સમુદાયના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

ભણસાલીએ વધુમાં જણાવ્યું હતું કે, નોડલ એજન્સી તરીકે, GJEPC ભારતના ઉપ-રાષ્ટ્રપતિ અને ત્યારબાદના રાષ્ટ્રપતિ કાર્યકાળ દરમિયાન ભારત સરકાર અને તમામ હિસ્સેદારો સાથે નજીકથી કામ કરશે. અમે શ્રેષ્ઠ પ્રથાઓને આગળ વધારવા, પાલનને મજબૂત બનાવવા અને વૈશ્વિક બજારોમાં સંઘર્ષ-મુક્ત હીરામાં વિશ્વાસને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. KPમાં 60 દેશો/ યુનિટ્સ જોડાયેલા છે અને વિશ્વના 99% થી વધુ રફ ડાયમંડ ટ્રેડને આ સિસ્ટમ નિયંત્રિત કરે છે.

# પુરી-અમદાવાદ એક્સપ્રેસમાંથી 7.98 કિલો ગાંજો પકડાયો

સુરત : ૨૫ ડિસેમ્બરના રોજ જ્યારે પૂરી-અમદાવાદ એક્સપ્રેસ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર આવી પહોંચી હતી ત્યારે પ્લેટફોર્મની વચ્ચે ટી સી ઓફિસ પાસે શંકાસ્પદ હાલતમાં બિનવારસી બેગ અને બે હેન્ડબેગ મળી જેની તપાસ કરવામાં આવતા તેમાંથી 7.98 કિલો ગાંજોનો મળી આવ્યો હતો જેની કિંમત રૂ 3,99,000 મળી આવ્યો હતો.

તપાસમાં જાણવા મળ્યું કે આરોપીએ ડ્રગની આંતરરાજ્ય ગુજરાતમાં દાણચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ધરપકડના ડરથી આરોપી ગાંજા ભરેલી બેગ પ્લેટફોર્મ પર છોડીને ભાગી ગયો હતો.

રેલવે પોલીસ રેલવે સ્ટેશન ઉપર આવી રહેલી ટ્રેનો અને પ્લેટફોર્મ પર સતત નજર રાખવામાં આવી રહી છે. NDPS એક્ટની સંબંધિત કલમો હેઠળ સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. હાલમાં આરોપીની શોધ ચાલી રહી છે.




"PMJAY-મા" યોજના

તમામ PMJAY-MA યોજના સાથે સંલગ્ન હૉસ્પિટલો માટે :

- PMJAY-MA યોજના હેઠળની તમામ હૉસ્પિટલો માટે ૩૧-૧૨-૨૦૨૫ સુધી HEM 1.0 થી HEM 2.0 પોર્ટલમાં હૉસ્પિટલ એપ્લિકેશન માઇગ્રેટ કરવું ફરજિયાત છે.
- જો કોઈ હૉસ્પિટલ યોજના સાથે સંલગ્ન રહેવા ઇચ્છતી ન હોય, તો તેની જિલ્લા / કૉર્પોરેશનના આરોગ્ય અધિકારીને લેખિતમાં જાણ કરી HEM 1.0 પરથી HEM 2.0 માં લોગઇન કરી વિડ્રોઅલ માટે અરજી કરવાની રહેશે. જેના માટે જિલ્લા / કૉર્પોરેશનના આરોગ્ય અધિકારીનો તાત્કાલિક સંપર્ક કરવા વિનંતી.
- PMJAY-MA હેઠળની ખાનગી હૉસ્પિટલોએ મુલાકાતીઓ / લાભાર્થીઓને ઉપલબ્ધ સ્પેશિયાલિટીની મફત / કેશલેસ સારવારની સ્પષ્ટ માહિતી મળે તે માટેની જાહેરાત ફરજિયાત યોગ્ય જગ્યાએ મૂકવી.

તમામ PMJAY-MA યોજનાના લાભાર્થીઓ માટે :

- NFSA (રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો)ના રાશન કાર્ડ ધારક ફક્ત રાશન કાર્ડ અને આધાર કાર્ડના ઉપયોગથી પોતાનું આયુષ્માન કાર્ડ બનાવી શકે છે.
- ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના તમામ વડીલો સામાજિક કે આર્થિક સ્તરના માપદંડ વગર ફક્ત આધાર કાર્ડથી જ આયુષ્માન કાર્ડ મેળવી શકે છે.
- લાભાર્થીઓ beneficiary.nha.gov.in પર જઈ પોતે પણ રજિસ્ટ્રેશન કરી આયુષ્માન કાર્ડ મેળવી શકે છે.
- ગૂગલ પ્લે-સ્ટોર પરથી Ayushman App ડાઉનલોડ કરી નજીકની PMJAY હૉસ્પિટલ, આયુષ્માન કાર્ડની વિગતો, મેળવેલ સારવારની વિગતો અને વૉલેટ બેલેન્સ જેવી માહિતી જોઈ શકાય છે.

"સંજીવની સમાન "આયુષ્માન કાર્ડ" એટલે આપના પરિવારના આરોગ્યની કાળજી"
શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા
માનનીય મંત્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત

PMJAY-MA યોજના, બ્લોક નં- ૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર- ૩૮૨૦૧૦

વધુ માહિતી માટે ટોલ ફ્રી નં. ૦૭૯-૬૬૪૪૦૧૦૪ સંપર્ક કરો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય